# Visit of Minister of State for External Affairs, Shri V. Muraleedharan to the USA (May 17-24, 2022)

## વિદેશ રાજ્ય મંત્રી શ્રી વી. મુરલીધરનની યુએસએની મુલાકાત
## (મે 17 થી 24 મે, ,2022 સુધી)

16 મે, 2022

વિદેશ અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રી, શ્રી વી. મુરલીધરન સંયુક્ત રાષ્ટ્ર ખાતે ન્યુયોર્કમાં જનરલ એસેમ્બલીના પ્રાયોજન હેઠળ 17 મે થી 20 મે 2022 સુધી આયોજિત પ્રથમ ઈન્ટરનેશનલ માઈગ્રેશન રિવ્યુ ફોરમ માટે ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે..

ઈન્ટરનેશનલ માઈગ્રેશન રિવ્યુ ફોરમ, સ્થળાંતર સંબંધિત તમામ પાસાઓના અમલીકરણ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ સાથે તેના આંતર-વિભાગો પર ચર્ચા કરવા અને પ્રગતિને શેર કરવા માટે પ્રાથમિક આંતર-સરકારી વૈશ્વિક પ્લેટફોર્મ તરીકે સેવા આપશે. આ ચાર ઈન્ટરેક્ટિવ મલ્ટિ-સ્ટેકહોલ્ડર રાઉન્ડ ટેબલ્સ, નીતિ સંવાદ અને એક પૂર્ણસત્રરૂપ બેઠકની બનેલી હશે. આ પ્રગતિની જાહેર ઘોષણા તરીકેના એક સ્વીકરણમાં પરિણમશે
વિદેશ અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રીશ્રી IMRFના પૂર્ણ સત્રમાં સત્તાવાર નિવેદન આપશે. ન્યૂયોર્કમાં, શ્રી અબ્દુલ્લા શાહિદ, જનરલ એસેમ્બલીના પ્રમુખ અને શ્રી એન્ટોનિયો વિટોરિનો, ડાયરેક્ટર જનરલ, ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશનને મળવાની અપેક્ષા છે.

વિદેશ અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રીશ્રી ગ્લોબલ ફૂડ સિક્યુરિટી - કૉલ ટુ એક્શન" પર ઉચ્ચ સ્તરીય મંત્રી સ્તરની બેઠકમાં પણ ભાગ લેશે અને "આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાની જાળવણી: સંઘર્ષ અને ખાદ્ય સુરક્ષા" પર UNSC ઓપન ડિબેટમાં નિવેદન આપશે.

વિદેશ અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રીશ્રી ન્યૂયોર્ક, લોસ એન્જલસ અને હ્યુસ્ટનમાં મૂળ ભારતીયના વિશાળ વિવિધવર્ગની જનતાને પણ મળશે, જેમાં સમુદાય કલ્યાણ, વ્યવસાય, આરોગ્ય, સંસ્કૃતિ અને શિક્ષણના ક્ષેત્રોમાં કામ કરતા લોકોનો સમાવેશ થાય છે.

નવી દિલ્હી
16 મે, 2022

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.